# આજનો દિવસ

અલ્લાહતઆલાએ આ દુનિયાની પૈદાઈશને સાથે ઈન્સાન વાસ્તે રાત અને દિવસની નેઅમત મુકેલી છે. રાતને સુકૂનવાલી કીધેલી છે તો દિવસમાં રોઝી અને મઆશ વાસ્તે ઝરીઆ બનાવેલા છે. રોઝ ફજર થાય છે અને તમને તમારા ખાલિક તરફથી એક નિરાલી ભેટ મીલે છે, એ છેઃ નવો દિવસ, પૂરો કોરોકટ દિવસ. તેને કેમ વાપરવો એ તમારી મરઝીની વાત છે. તેને સારા તૌરથી જીવવો કે પછી બીગાડી નાખવો એ બધુ તમારા હાથની વાત છે. મોટા ભાગના લોગો તેનો ગૈરઈસ્તેમાલ એ રીતે કરે છે કે, તેઓ નવા દિવસે પણ વિચારતા હોય છેઃ

૧. મેં ગઈકાલે જે કામ કીધું તે મને કરવું જોઈતું ન હતું.

૨. આવતી કાલે મેં આ કામ કેમ કરીશ.

મુખ્તસરમાં, ગઈકાલે કોઈ ભુલ કે ગફલત કરી નાખી હતી, તે બાબત આજે ખૂઁચા કરે છે. મને એ વાતના લીધે કોઈ ચૈન પડતું નથી અને એમાંને એમા હું આજનો દિવસ ઝાયેઅ કરી નાખું છું. નતીજા રૂએ મને આનાથી કઈ ફાયદો થાય છે ખરો? નહીં જ. સબબ સાફ છે. હું ગમે તેવા ધમપછાડા કરૂં તો પણ એ મારી ગઈકાલની ભુલને સુધારી શકવાનો નથી. સબબ? મને ગઈકાલ પાછી જીવવાનો કોઈ જ અવસર મીલવાનો નથી. બીજા અલ્ફાઝમાં કહું તો જે બાબત મુમ્કિન જ નથી, તેનો સતત ખયાલ કરવામાં હું હાલનો વક્ત વાપરી નાખું છું. આમ, જે વક્તને હું ખૈર ઈસ્તેમાલ કરી શકું તેને નામુમ્કિન કામોમાં અને ખોટા ખયાલોમાં ગુમાવી નાંખુ છું. સબબ? માઝીમાં જે બની ગયું હોય તે તો ખુદ ખુદા પણ સુધારી શકતો નથી, તો એને દિમાગમાં ઘૂંટ ઘૂંટ કરવાથી તેની તાકત ઝાયેઅ જાય છે, ને તેનાથી બિલઆખિર ફાયદો થતો નથી.

આ તો ઠીક, બાઝ લોગો તો એવા છે જે આજના દિવસને બીજા તૌર પર ગુઝારે છે. જેમકે **"હવે મારૂં શું થાશે?"** આ જ ફિકરમાં કીમતી વક્ત ગુઝારી દે છે. યા, પોતાના કામ અને તબીઅત મુજબ **"બનાવ બને તો કેવું સારૂં થાય"** એની ઈન્તેઝારીમાં વક્ત ખોઈ નાંખે છે. મુસ્તકબિલમાં કયા બનાવો બનવાના છે તે કોઈ કહી શકતું નથી, પણ એવા તસવ્વુરમાં રહે કે ખુદને જે પસંદ છે તેવા બનાવો બને જ યા બનશે જ એવા શેખચલ્લી જેવા વિચારો પર બધું ધ્યાન જમાવતા હોય છે. આવતીકાલે તો શું મગર આજના દિવસમાં શું શું બની શકે તેનો ઝર્રા બરાબર પણ કિયાસ કોઈ કરી શકતું નથી. છતાં પોતાને ગમે તેવા જ બનાવો બને તેવા વિચારમાં ફીરા કરે છે, ને તે રીતે આજનો દિવસ ખોટા કામમાં વાપરી નાંખે છે.

તમેં કોઈ વક્ત ગઈકાલનો દિવસ આજે જીવી શકો એવું બનું છે? નથી ને. ગઈકાલ એ હાથમાંથી **"ગઇ"**, આવતી કાલ હજી **"આવી"** નથી, તો પછી હાથમાં રહ્યું શું? આજનો દિવસ, જે તમારા કન્ટ્રોલમાં છે. જે વક્ત ગુઝરી ચુકો અને જે વક્ત આવો નથી તેનાથી કોઈ ચીઝની ઊમ્મીદ ઝીરો છે.

તમેં આજના દિવસને આજના કામકાજ સુધી લીમીટેડ રાખો. તમેં આજે શું કરવા ચાહો છો તેનું **"ટાઇમ ટેબલ"** ફજરમાં જ ગોઠવી દો. ને જો તમેં તેમ ન કરો તો આજનો દિવસ રદી કાગઝ જેમ ગીનાશે; તે થોડા જ કલાકોમાં **"ગઇકાલ"** બની જાવાનો છે, જે તમને કોઈ જ કામ નહીં લાગી શકે. તમેં જીવી શકો એવો એક જ દિવસ છે, તે છે : **આજનો દિવસ.**

"The ugly shadow of yesterday
Don't let it spoil your today
Go, get it! what you wish
Make your everyday a good day."

Yesterday is a history,
Tomorrow is a mystery,
Today is a gift that's why it is called "present." ★